Vol. 9, Issue: 12, December: 2021
(IJRSML) ISSN: 2321 - 2853

# ગુજરાતના આદિવાસી વિસ્તારમાં પ્રવાસન વિકાસ : સમસ્યાઓ અને સંભાવના

શ્રી શક્તિસિંહ પી.સોલંકી
રિસર્ચ સ્કોલર,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી,
પાટણ

ડૉ. અશ્વિન બી બ્રહ્મભટ્ટ
માર્ગદર્શક,અને પૂર્વ અધ્યક્ષ,
અર્થશાસ્ત્ર વિભાગ, ડી. ડી. ઠાકર આર્ટ્સ એન્ડ કે. જે. પટેલ
કોમર્સ કોલેજ ખેડબ્રહ્મા.

**સારાંશ**
પ્રવાસન આજે વિશ્વકક્ષાએ પેટ્રોલીયમ સંદર્ભિત ઉધોગ પછી બીજા નંબરનો ઉધોગ છે. હરવું-ફરવું હવાફેરથી શરૂ થયેલી મનુષ્યની પ્રવાસન પ્રવૃતિઓ આજે ઈકોટુરીઝમ, મેડીકલ ટુરીઝમ અને ગ્રામીણ  આદિવાસી પ્રવાસ ક્ષેત્રોને આંબી ગઈ છે.

ગુજરાતમાં દાંતાથી લઈ ડાંગ સુધીની પટ્ટીમાં લગભગ ૧૬ ટકા આદિવાસીઓ વસે છે. તેમની મુખ્ય ૨૯ જાતિઓ છે. રાજ્યના ૧૨ જિલ્લા અને ૪૩ તાલુકાનાં કુલ ૫૮૮૪ ગામોમાં આ પ્રજા વસે છે. ગુજરાતી પૂર્વપટ્ટીનો ડુંગરાળ અને અરણ્યવિસ્તાર બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ ,દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, વલસાડ, નવસારી, વડોદરા, તાપી, સુરત, ડાંગ જેવા જીલ્લામાં આવેલા જુદાજુદા તાલુકાઓ જેમાં આદિવાસી પ્રવાસનમાં આદિવાસી પ્રજા, તેમનાં વિશિષ્ટ અને પરંપરાગત ગામડાઓ ,રીતિરીવાજો, ખાનપાન, નૃત્યો, તહેવારો, મેળાઓ, પ્રાકૃતિક સૌંદર્ય, અભ્યારણ્યો આદિવાસી ઈતિહાસનાં કેન્દ્રો ઉપરાંત આદિવાસી ઓના જીવન પધ્ધતિને જાણવા અને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સદીઓથી નિરક્ષર અને પછાત પડેલી આદિવાસી પ્રજાને સર્વાંગી દ્રષ્ટિકોણથી સમજવાનો પ્રયત્ન આદિવાસી પ્રવાસનના માધ્યમથી થઈ શકે તેમ છે. પરંતુ આદિવાસીઓ માટેના સ્થળો પ્રવાસન સ્થળો માત્ર પ્રવાસન સ્થળ નથી કારણ કે અપૂરતો વિકાસ આંતર માળખાકીય સુવિધાનો અભાવ, સ્થળવિશે જાણકારીનો અભાવ,જાળવણીનો અભાવ બેકારી જેવી સમસ્યાઓ, વિશેષતાઓ ઉજાગર કરી શકાય.

ગુજરાતની પૂર્વપટ્ટીમાં મોટાભાગે ૮૯ ટકા કરતાં વધુ આદિવાસી વસ્તી ખેતી અને ખેતમજુરી પર નિર્ભર છે અને તેમની આવકો મર્યાદિત પ્રમાણમાં છે. ખેતીક્ષેત્ર ઉપરનું ભારણ ઓછુ કરવા ગુજરાતના આદિવાસી  વિસ્તારોમાં પ્રવાસન-ઉધોગનો વિકાસ એક નવું રોજગારીનું ક્ષેત્રે ઉભુ કરી શકાય તેમ છે.

## ૧. પ્રસ્તાવના
પ્રવાસન આજે વિશ્વકક્ષાએ પેટ્રોલીયમ સંદર્ભિત ઉધોગ પછી બીજા નંબરનો ઉધોગ છે. હરવું-ફરવું હવાફેરથી શરૂ થયેલી મનુષ્યની પ્રવાસન પ્રવૃતિઓ આજે ઈકોટુરીઝમ, મેડીકલ ટુરીઝમ અને ગ્રામીણ  આદિવાસી પ્રવાસ ક્ષેત્રોને આંબી ગઈ છે. પ્રવાસન એ વિશ્વ, દેશ અને પ્રદેશના સમગ્રલક્ષી અને એકમલક્ષી  વિકાસના સંદર્ભમાં મહત્વનો સેવા ઉદ્યોગ છે. તે હુંડિયામણ કમાણી, રોજગારી, ઉત્પાદન વૃદ્ધિ વગેરેની દ્રષ્ટિએ મહત્વની ભૂમિકા ભજવે છે. વર્તમાનમાં વૈશ્વિક G.D.P.માં ૧૦.૪% ભારતની G.D.P.માં ૭.૮% અને રાજ્યની G.D.P.માં ૧૦.૨% જેટલો ફાળો આપી પ્રવાસનક્ષેત્ર આર્થિક વિકાસમાં અગત્યની ભૂમિકા ભજવી રહ્યું છે. વિશેષમાં પછાત અને અંતરિયાળ વિસ્તારોના વિકાસની દ્રષ્ટિએ પણ તેનું સ્થાન મહત્વનું છે. પ્રવાસનક્ષેત્ર સમાનતા સાથેની આર્થિકવૃદ્ધિને પ્રોત્સાહન આપે છે. તેમજ અગ્રગામી અને પશ્વાદગામી અસરો દ્વારા અન્ય ક્ષેત્રોનો વિકાસ કરવાની ક્ષમતા પણ તેનામાં રહેલી છે. પ્રવાસન ક્ષેત્રથી હસ્તકલા, વાહનવ્યવહાર, બેકરી તેમજ હોટલ ઉદ્યોગના વિકાસને પણ વેગ મળે છે. આ સંદર્ભે ખાનગી અને

જાહેરક્ષેત્રની પ્રવાસન વિકાસમાં ભૂમિકા, પ્રવાસનક્ષેત્રની આવક અને રોજગારી સર્જનમાં ભૂમિકા, શહેરી અને ગ્રામ્યવિકાસમાં પ્રવાસનક્ષેત્રનો ફાળો, આંતરમાળખાકીય સગવડો અને પ્રવાસન, આદિવાસી અને અંતરિયાળ વિસ્તારોના વિકાસમાં પ્રવાસનક્ષેત્રની ભૂમિકા, મિલેનિયમ ગોલની પૂર્ણતા સંદર્ભે પ્રવાસનક્ષેત્રની અગત્યતા વગેરે જેવા અનેકવિધ દૃષ્ટિકોણથી પ્રવાસનક્ષેત્રનો અભ્યાસ મહત્વનો બને છે.

ગુજરાતમાં દાંતાથી લઈ ડાંગ સુધીની પટ્ટીમાં લગભગ ૧૬ ટકા આદિવાસીઓ વસે છે. તેમની મુખ્ય ૨૯ જાતિઓ છે. રાજ્યના ૧૩ જિલ્લા અને ૪૪ તાલુકાનાં કુલ ૫૮૮૪ ગામોમાં આ પ્રજા વસે છે. ગુજરાતી પૂર્વપટ્ટીનો ડુંગરાળ અને અરણ્યવિસ્તાર બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ ,દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, વલસાડ, નવસારી, વડોદરા, તાપી, સુરત, ડાંગ જેવા જીલ્લામાં આવેલા જુદાજુદા તાલુકાઓ જેમાં આદિવાસી પ્રવાસનમાં આદિવાસી પ્રજા, તેમનાં વિશિષ્ટ અને પરંપરાગત ગામડાઓ ,રીતિરીવાજો, ખાનપાન, નૃત્યો, તહેવારો, મેળાઓ, પ્રાકૃતિક સૌદર્ય, અભ્યારણ્યો આદિવાસી ઈતિહાસનાં કેન્દ્રો ઉપરાંત આદિવાસી ઓના જીવન પધ્ધતિને જાણવા અને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સદીઓથી નિરક્ષર અને પછાત પડેલી આદિવાસી પ્રજાને સર્વાંગી દષ્ટિકોણથી સમજવાનો પ્રયત્ન આદિવાસી પ્રવાસનના માધ્યમથી થઈ શકે તેમ છે. પરતું આદિવાસીઓ માટેના સ્થળો પ્રવાસન સ્થળો માત્ર પ્રવાસન સ્થળ નથી કારણ કે અપૂરતો વિકાસ આંતર માળખાકીય સુવિધાનો અભાવ, સ્થળવિશે જાણકારીનો અભાવ,જાળવણીનો અભાવ બેકારી જેવી સમસ્યાઓ, વિશેષતાઓ ઉજાગર કરી શકાય.

ગુજરાતની પૂર્વપટ્ટીમાં મોટાભાગે ૮૯ ટકા કરતાં વધુ આદિવાસી વસ્તી ખેતી અને ખેતમજુરી પર નિર્ભર છે અને તેમની આવકો મર્યાદિત પ્રમાણમાં છે. ખેતીક્ષેત્ર ઉપરનું ભારણ ઓછુ કરવા ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં પ્રવાસન-ઉધોગનો વિકાસ એક નવું રોજગારીનું ક્ષેત્રે ઉભુ કરી શકાય તેમ છે.

### ૩. આર્થિક સમસ્યા

વિશ્વભરમાં પુરાતન સમયથી આર્થિક, આનંદ પ્રમોદ, પારિવારિક સંબંધોની જાળવણી, આરોગ્યલક્ષી, રાજકીય કે પછી સંશોધન જેવા હેતુઓસર પ્રવાસન થતું રહયું છે.જેનાથી દેશો વચ્ચે સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય સંપર્કો ગાઢ બનવા સાથે જે તે પ્રદેશનાં આર્થિકવિકાસને પણ વેગ મળ્યો છે. એમાં પણ વૈશ્વિક કક્ષાએ ખાનગીકરણ, ઉદારીકરણ અને વૈશ્વિકરણની પ્રવૃત્તિને વેગ મળતાં દેશો વચ્ચેનાં નિયંત્રણો હળવા બન્યા છે. જેનાથી પ્રવાસન પ્રવૃત્તિને પણ છેલ્લા કેટલાક વર્ષોથી વેગ મળ્યો છે. તેના માટે અનુકૂળ વાતાવરણ સર્જાયું છે. વિવિધ દેશોમાં તે એક અલગ વ્યવસાય કે ઉદ્યોગ તરીકે સ્વીકાર્ય બન્યો છે. પ્રવાસન ઉદ્યોગના વિકાસની વાત કરીએ તો વિશ્વમાં ૩.૮% દરે, ભારતમાં ૬.૩૩% દરે અને ગુજરાતમાં ૧૨.૭% દરે પ્રવાસનક્ષેત્ર વિકસી રહયું છે. જો કે વિશ્વ પ્રવાસનમાં ભારત ૦.૬૩% જેટલો જ હિસ્સો ધરાવે છે. એજ રીતે ભારતના પ્રવાસનમાં ગુજરાતનો હિસ્સો ૨.૪% જેટલો છે. જે દર્શાવે છે કે ભારત અને ગુજરાતમાં પ્રવાસન વિકાસની સંભાવના છે. અહીં પ્રવાસન સંદર્ભે ભારત અને ગુજરાત કક્ષાએ પ્રવાસન નીતિઓ પણ ઘડાઈ છે. તેમજ પ્રવાસન વિકાસ માટે રાજ્ય અને રાષ્ટ્રિય કક્ષાએ વિવિધ પ્રકારના પ્રયાસો થાય છે ત્યારે પ્રશ્ન થાય કે પરાપૂર્વથી વિશિષ્ટ કુદરતી સૌંદર્ય ધરાવતા તથા પર્યાવરણીય, પુરાતત્વિય અને સાહસિક પ્રવાસન માટે વિશાળ શક્યતા ધરાવતા ડુંગરાળ અને આદિવાસી – વનવાસી વિસ્તારોમાં પ્રવાસનનો વિકાસ દેશ અને રાજ્ય કક્ષાએ કેવો છે ?, પ્રવાસનક્ષેત્ર આ વિસ્તારના આર્થિકવિકાસમાં કેવી ભૂમિકા ભજવી રહયું છે ?, રાજ્ય અને રાષ્ટ્રિય કક્ષાએ લોકો આદિવાસી વિસ્તારના પ્રવાસન સ્થળોથી પરિચિત છે કે કેમ ?, રાજ્ય તરફથી આ વિસ્તારોમાં પ્રવાસન વિકાસ માટે કેવો પ્રયાસ થયો છે ? - અહીં ઉપરોક્ત મુદ્દાઓનાં સંદર્ભમાં સમગ્રલક્ષી અને એકમલક્ષી કક્ષાના અભ્યાસો – સંશોધન એ જરૂરી બને છે.

### ૪. હેતુઓ

૧. વિશ્વ,ભારત અને ગુજરાતમાં પ્રવાસન સંદર્ભિત સ્થિતિ અને તેની અસરોની સમગ્રલક્ષી જાણકારી મેળવવી.
૨. ગુજરાતમાં આવેલા આદિવાસી વિસ્તારોમાં પ્રવાસન અંગેની જાણકારી મેળવવી.

૩. અભ્યાસક્ષેત્ર આદિવાસી વિસ્તારોમાં સામાજિક અને ધાર્મિક હેતુસર થતા પ્રવાસનનું પ્રભુત્વની જાણકારી મેળવવી.
૪. ગુજરાતના આદિવાસી વિસ્તારમાં પ્રવાસન સંદર્ભિત સ્થિતિ, વિકાસની તકો અને સમસ્યાઓની જાણકારી પ્રાપ્ત કરવી.
૫. દિવાસી વિસ્તારોમાં પ્રવાસન વિકાસ સંદર્ભે સંભવિત નીતિ સૂચવવી.

### ૫. રાષ્ટ્રિય સંદર્ભમાં વિષયનું મહત્વ

પ્રવાસન વિકાસ દ્વારા દેશમાં વિદેશથી તેમજ દેશના એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં પ્રવાસીઓને આકર્ષી વિદેશી હૂંડિયામણ, આવક, રોજગારી, માળખાકીય સેવાઓનું સર્જન વગેરે સર્જી દેશ અને જે તે પ્રદેશના આર્થિકવિકાસને વેગ આપી શકાય છે. વળી, પ્રવાસન દ્વારા દેશના જુદા-જુદા પ્રદેશના લોકો એકબીજાની ભાષા, સંસ્કૃતિ, રીતિરીવાજો, ભૌગોલિક-આર્થિકસ્થિતિ વગેરેથી પરિચિત બને છે. એ રીતે તે રાષ્ટ્રિય કક્ષાએ પણ મહત્વ ધરાવે છે. આજ પ્રમાણે જે-તે પ્રદેશના વિકાસમાં પણ તે આવક, રોજગારી વગેરે સર્જી મદદરૂપ બને છે.

### ૬. પ્રસ્તુત અભ્યાસનું મહત્વ

૧. આ અભ્યાસ એ અભ્યાસક્ષેત્રમાં આવેલા વર્તમાન પ્રવાસન સ્થળો અને પ્રવાસન સ્થળો તરીકે વિકસી શકે તેવા સંભવિત સ્થળોની જાણકારી મેળવવામાં મદદરૂપ બનશે.
૨. સંશોધન વિસ્તારમાં પ્રવાસન સંદર્ભિત આંતરમાળખાકીય સુવિધાની જાણકારી મેળવવામાં મદદરૂપ બનશે.
૩. પ્રવાસનક્ષેત્ર આદિવાસી વિસ્તારના વિકાસમાં કેવી ભૂમિકા ભજવે છે તેની જાણકારી મેળવવામાં મદદરૂપ બનશે.
૪. દેશ અને રાજ્ય કક્ષાએ પ્રવાસન વિકાસ સંદર્ભિત સ્થિતિ જાણવામાં મદદરૂપ બનશે.
૫. સંશોધનક્ષેત્રમાં પ્રવાસન સંદર્ભિત પ્રશ્નોની જાણકારી મળશે.
૬. પ્રવાસન સંદર્ભિત પ્રશ્નોના ઉકેલો મેળવવામાં મદદરૂપ બનશે.

### ૭. સંદર્ભિત સાહિત્યની સમીક્ષા

**યુનેસ્કો(૨૦૦૯)**[1]ના અભ્યાસ મુજબ G.D.P. અને નિકાસના દ્રષ્ટિકોણથી એશિયા – પેસિફિક વિસ્તારમાં પ્રવાસન એ અગત્યનું ક્ષેત્ર છે. પ્રવાસન એ મોટા પાયા પર રોજગારી પૂરી પડે છે. એ દ્રષ્ટિએ પણ તેનું મહત્વ રહેલું છે. આ ઉપરાંત અનુભવો એ પણ દર્શાવે છે કે પ્રવાસન સંબંધી યોગ્ય હસ્તક્ષેપ એ સ્થાનિક લોકોના જીવનધોરણને ઊંચે લઈ જવામાં તથા ગરીબી નિવારવામાં અગત્યની ભૂમિકા ભજવે છે.

**Equation (૨૦૦૯)**[2]નો સામાજિક અને પ્રકૃતિ આધારિત પ્રવાસનમાં સ્ત્રીઓની ભાગીદારી સંબંધિત અભ્યાસ દર્શાવે છે કે સ્ત્રીઓમાં તેમની વધારે અર્થ પૂર્ણ ભૂમિકા અને નિયંત્રણ શક્તિ સંદર્ભે પ્રવાસન સંબંધી યોજનાઓ ઘડવાની ક્ષમતા છે. જો કે તે પિતૃપ્રધાન અને જ્ઞાતિ આધારિત સમાજ વ્યવસ્થાના સામાજિક અને સાંસ્કૃતિક ધોરણો પર આધારિત છે. આ સંબંધમાં સ્ત્રીઓના લાભાર્થે આ મુદ્દાની એકમલક્ષી અને સમગ્રલક્ષી કક્ષાએ યોગ્ય ચર્ચા-વિચારણા-ચિંતનની જરૂર છે.

**રાષ્ટ્રિય પ્રવાસનનીતિ (૨૦૦૨)**[3] [3]અનુસાર પ્રવાસનનું રાષ્ટ્રિય કક્ષાએ મહત્વ સ્થાપિત કરવાના સંદર્ભમાં ઘરેલું પ્રવાસનને ઉત્તેજન, વહીવટી વ્યવસ્થામાં સુધારો, બજારની જરૂરિયાત મુજબ નવા પ્રવાસન ઉત્પાદનોનો વિકાસ, ટકાઉ અને અસરકારક વેચાણ વ્યવસ્થા તથા સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન જેવી બાબતોને આવરી લેતી અસરકારક નીતિ પર ભાર મૂકાયો છે. આ ઉપરાંત પ્રવાસન વિકાસના ભાગરૂપ દરિયા કિનારાનું પ્રવાસન (બીચ ટુરિઝમ), ગ્રામ્ય પ્રવાસન, પર્યાવરણીય-ઈકો પ્રવાસન, માંગ આધારિત પ્રવાસન વગેરે પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. જો કે આદિવાસી વિસ્તારોમાં પ્રવાસન વિકાસ સંદર્ભે કોઈ વિશેષ ઉલ્લેખ કરાયેલો નથી.

---

[1] UNESCO (2009): A Study on tourism, united Nation Economic and Social Council
[2] Equation (2009): "Women's engagement with community Based and Nature based Tourism", who really Benefits from Tourism? Working paper Series: 2009-10
[3] National tourism Policy (2002): Tourism Department, Government of India, New Delhi.

**ગુજરાત પ્રવાસનનીતિ (૨૦૦૯)**[4] એ કાર્યક્રમ આધારિત (Event base) પ્રવાસન, પર્યાવરણીય-ઈકો પ્રવાસન, સાહસિક પ્રવાસન, પ્રવાસન સર્કિટનો વિકાસ, માળખાકીય વિકાસ, ખાનગીક્ષેત્ર અને જિલ્લા વહીવટતંત્રની પ્રવાસન વિકાસમાં ભાગીદારી વગેરે પર ભાર મુકે છે. જો કે તેમાં પ્રવાસન પ્રવૃત્તિની આદિજાતિ અને ડુંગરાળ વિસ્તારમાં ભૂમિકા કઈ હશે તે પર કોઈ પ્રકાશ પાડ્યો નથી.

**આરોહા,પોહરમા અને અન્ય(૧૯૯૮)**[5] એ કાઈકોઉરા-કેરલના માઓરી સમાજ પર પ્રવાસન પ્રવૃત્તિની અસરો અંગે કરેલો અભ્યાસ દર્શાવે છે કે પ્રવાસન પ્રવૃત્તિના વિકાસથી આ સમાજને ધંધાકીય, સુવિધા પ્રાપ્તિ, પર્યાવરણીય જાગૃતિ તેમજ સામાજિક ક્ષમતામાં સુધારા જેવા લાભો થયા છે. જો કે સમાજના કેટલાક સભ્યો આ પ્રવૃત્તિને લીધે થતાં પ્રદૂષણ, વધતા જીવનનિર્વાહ ખર્ચ અને ગુનાખોરીનાં વધતા પ્રમાણથી ચિંતીત હતા.

**જ્યોત્સના મોહન્તી (૨૦૦૯)**[6] નાં અભ્યાસ મુજબ છેલ્લા બે દાયકા દરમિયાન આદિજાતિ બહુલ વિસ્તારોમાં ઈકો-પ્રવાસન આધારિત પ્રવૃતિઓનો ખૂબ ઝડપથી વિસ્તાર થયો છે. જોકે આ સંબંધે રાજ્ય અને કેન્દ્ર કક્ષાએ લેવાયેલા કેટલાક પગલાઓએ આદિવાસી લોકોની સંસ્કૃતિ અને સ્થાનિક પર્યાવરણ પર વિપરીત અસર કરી છે. અહીં સૌથી કમનસીબ બાબત એ છે કે જેમના લાભ કે વિકાસને નામે આ પ્રવૃત્તિ થાય છે તેવા આદિવાસી લોકો સાથે આ સંબંધિ પ્રોજેક્ટોના આયોજન કે અમલ સંદર્ભે ક્યારેય ચર્ચા-વિચારણા થઈ નથી. અહીં આ પ્રકારના પ્રવાસનથી પ્રવાસીઓનો પ્રવાહ વધતાં આદિજાતી વિસ્તારોનું પરિસ્થિતિક તંત્ર-જૈવતંત્ર અને સંસ્કૃતિ પર વિપરીત અસર થઈ છે. કહેવાતા ઈકો પ્રવાસને આ આદિવાસીઓને વાસ્તવિક રીતે પ્રદર્શનની વસ્તુ બનાવી દીધા છે. વળી; રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને N.G.O. એ પ્રવાસનના નામે આદિજાતી સંસ્કૃતિના કરેલા વેપારીકરણને લીધે તેમની ખરી સંસ્કૃતિ મૃતપાય થવાને આરે પહોંચી છે.

**પી.બી.પાટીલ(૨૦૦૬)**[7] જણાવે છે કે ભારતમાં ઐતિહાસિક પ્રવાસન, ધાર્મિક પ્રવાસન, પર્વતારોહણ અને પર્વત સંબંધી પ્રવાસન, ગ્રામ્ય પ્રવાસન, પર્યાવરણીય – ઈકો પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવાસન વગેરેના સ્વરૂપમાં પ્રવાસન વિકાસની વિપુલ સંભાવનાઓ રહેલી છે. પરંતુ આ સંદર્ભે માળખાકીય વ્યવસ્થામાં સુધારો, આ સંબંધી સારા પ્રદર્શન કેન્દ્રનો વિકાસ, ત્રાસવાદ અને કોમી હિંસા પર નિયંત્રણ, માનવસંસાધન વિકાસને અગ્રતા અને અસરકારક બજાર વ્યવસ્થા સંદર્ભિત વ્યૂહરચનાની જરૂર છે.

**બી.ડી.પટેલ અને અન્ય(૨૦૦૫)**[8]ના અભ્યાસ લેખ મુજબ પ્રવાસન એ આર્થિક વિકાસનું સાધન છે. તે ગરીબી, બેકારી અને આવકની અસમાનતા જેવી સમસ્યાઓની નાબૂદીમાં મદદરૂપ બને છે. તે વિદેશી હૂંડિયામણ પ્રાપ્ત કરવામાં પણ મદદરૂપ થાય છે.

**પરિમલ એચ.વ્યાસ(૨૦૦૬)**[9] ના મતે પ્રવાસન સંબંધી અસરકારક બજાર વ્યવસ્થા એ ગુણવત્તા અને ટકાઉપણું, નાણાંકીય મૂલ્ય અને બજારના વિવિધ ભાગો, સ્થળો તથા પ્રોડક્ટોના સંદર્ભે ઓળખ તથા પ્રત્યાયનમાં માહિતી ટેકનોલોજીના પૂર્ણ ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**રોહિત દેસાઈ (૨૦૦૦)**[10] ના મતે સાબરકાંઠા જિલ્લામાં શામળાજી, ઈડર, ખેડબ્રહ્મા, વિરેશ્વર, સારણેશ્વર, પોળો, પાલ વગેરે જેવા સ્થળોએ પ્રવાસનની ãષ્ટિએ વિકાસ થઈ શકે એમ છે. વળી, પરંપરાગત પ્રવાસન સાથે કેટલાક સ્થળો(પોળો, ઈડરીયો ગઢ, શામળાજી) એ બિનપરંપરાગત પ્રવાસન પ્રવૃત્તિ જેવી કે પુરાતત્વિય પ્રવાસન, સાહસિક પ્રવાસન, બોટનિકલ પ્રવાસન વગેરેનો વિકાસ પણ થઈ શકે એમ છે. આ માટે પ્રવાસન સ્થળોના પ્રચાર-પસાર સાથે

---

[4] Gujarat Tourism Policy (2009): Tourism Department, Government of Gujarat, Gandhinagar.

[5] Poharama, Aroha and others (1998): A Case study- The impact of tourism on 'maori' community in kaikoura, Tourism Research and education centre, Kerala.

[6] Mohanty Jyotsna (2009): "Eco-tourism for So-called Tribal development", The Anthropologist-International Journal of Contempary and Applied studies of man, special issues No.3.135-144.

[7] Patil, P.B. (2006): Tourism Development: Problem and prospects, current Publication, Agra.

[8] Patel, B.D. and Others (2005): 'Tourism', Anarta – The journal of H.N.G.U. Uni., Vol. II, Patan.

[9] Parimal H. Vyas (2006): 'Role of marketing management in tourism: The sun rising Sector of India, State level Seminar on tourism, Boriyavi, Gujarat.

[10] દેસાઈ, રોહિત (૨૦૦૦) : "સાબરકાંઠા જિલ્લામાં પ્રવાસન ઉદ્યોગ (unpublished),Paper presented in six annual conference of the north Gujarat economic association, 22-23 Jan. 2000, Idar.

ગુણવત્તાસભર આંતરમાળખાકીય સેવાઓ જેવી કે રસ્તાઓ, સંચાર સેવા, વીજળી, પાણીપુરવઠો, ટોયલેટ, હોસ્પિટલ, હોટેલો, ટુરિસ્ટ ગાઈડ, સ્થળ સંદર્ભિત સાહિત્ય વગેરેનાં વિસ્તાર અને વિકાસની આવશ્યકતા રહે છે.

**સોલંકી શક્તિસિંહ (૨૦૧૯)[11] એ E-Commerce and To"urism Development in Tribal Area A Theoretical Study"** પર સંશોધન પત્ર લખેલ સંશોધકે કાર્યક્ષેત્ર તરીકે સાબરકાંઠા જિલ્લાના પોશીના, ખેડબ્રહ્મા, વિજયનગર તાલુકા માટે સર્વે પદ્ધતિ અને વ્યક્તિગત મુલાકાત પદ્ધતિનો ઉપયોગ કરી પ્રાથમિક માહિતીનો ઉપયોગ કરીને તારણો મેળવી  સંશોધન પત્રમાં ઈ કોમર્સ અને પ્રવાસન વચ્ચે સંબંધ પ્રસ્થાપિત કરેલ જેમાં તેમણે ઈ કોમર્સ થકી પ્રવાસન ઉધોગને થતા ફાયદાઓ અને તકોની ચર્ચા કરેલ છે. સંશોધકે  સંશોધન પ્રદેશની ઈ કોમર્સની વિવિધ તકો જણાવી અને આ વિસ્તારમાં જો ઓનલાઈન બેકિંગ ઓનલાઈન, ટ્રેડીંગ ઓનલાઈન, હોટલબુકિંગ વગેરે સેવાઓ ઉપલબ્ધ કરવીને ખૂબજ વિકાસ સાધી શકાય તેમ છે. સંશોધકના મતે આદિવાસી વિસ્તારમાં પ્રવાસન  ઉધોગ અને ઈ-કોમર્સ ને જોડવાથી આ ક્ષેત્રનો વિકાસ સાધી શકાય છે.

### ૮. અભ્યાસ પદ્ધતિ

#### (અ)પ્રાથમિક માહિતી

આ અભ્યાસ માટે જરૂરી પ્રાથમિક માહિતી જેવી કે પાણી, વીજળી, રસ્તા, રહેવા-જમવાની સુવિધા, સ્થળ સંદર્ભિત સાહિત્ય, ગાઈડ, ઉપલબ્ધ પ્રવાસન પ્રોડક્ટ વગેરેની હાલના જાણીતા પ્રવાસન સ્થળો તથા સંભવિત પ્રવાસન સ્થળોની રૂબરૂ મુલાકાત, નિરીક્ષણ, ફોટોગ્રાફ, જનસંપર્ક, ઈન્ટરવ્યું  દ્વારા મેળવીને અને તેમનું અભ્યાસના સંદર્ભમાં વિશ્લેષણ કરી તારણો મેળવ્યા.

#### (બ)દ્વિતીય માહિતી

અભ્યાસ સંદર્ભિત દ્વિતીય માહિતી એ આંતરરાષ્ટ્રિય, રાષ્ટ્રિય અને રાજ્ય કક્ષાના પ્રવાસન સંદર્ભિત અહેવાલો જેવા કે વર્લ્ડ ટુરિઝમ અને ટ્રાવેલ કાઉન્સિલના પ્રવાસનની અસરો અંગેના વિવિધ વર્ષોના અહેવાલો, UNWTOની પ્રવાસન સંદર્ભિત વિવિધ વર્ષોની માહિતી આપતા અહેવાલો અને અભ્યાસો, કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રવાસન વિભાગના વિવિધ અહેવાલો અને અભ્યાસો તથા આંકડાકીય માહિતીને આધારે  મેળવાશે. વળી, નેશનલ કાઉન્સિલ ફોર એપ્લાઈડ ઈકોનોમિક રિસર્ચના ટુરિઝમ સેટેલાઈટ એકાઉન્ટ સંદર્ભે વિવિધ રાજ્યો સંદર્ભિત અહેવાલો, આર્થિક સર્વે, આ સંદર્ભિત કેન્દ્ર અને રાજ્ય સરકારના સંશોધન અહેવાલો, પંચવર્ષીય યોજનાઓના દસ્તાવેજો વગેરેમાં આપેલ માહિતીનો ઉપયોગ પણ અભ્યાસમાં થશે. આ ઉપરાંત ઈકોનોમિક અને પોલિટિકલ વીકલિ (EPW), યોજના, કુરુક્ષેત્ર, ઈકોનોમિક ટાઈમ્સ વગેરે જેવા પ્રતિષ્ઠિત સામયિકો અને દૈનિક પત્રોમાં આવેલ લેખો દ્વારા તથા આ સંદર્ભિત થયેલ કોન્ફરન્સો કે સેમિનારોમાં પ્રકાશિત થયેલ સાહિત્ય તેમજ વિષય સંદર્ભિત પુસ્તકોમાંથી પણ જરૂરી દ્વિતીય માહિતી મેળવવામાં આવશે. વિશેષમાં જંગલખાતા અને પ્રવાસન વિભાગની ઓફિસો અને માહિતી અધિકારીશ્રીઓને મળીને પણ જરૂરી માહિતી મેળવવામા આવી.

### ૯. અભ્યાસની મર્યાદાઓ

૧. આ અભ્યાસમાં ગુજરાત, દેશ અને વિશ્વ કક્ષાએ પ્રવાસન સંદર્ભિત સ્થિતિની ચર્ચા કરી  ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ ,દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, વલસાડ, નવસારી, વડોદરા, તાપી, સુરત, ડાંગ જેવા  આદિવાસી વિસ્તારોમાં પ્રવાસન વિકાસ સંદર્ભિત સ્થિતિનું વિશ્લેષણ કરાયું છે.

૨. અભ્યાસના તારણો અને અવલોકનો પ્રાથમિક અને દ્વિતીય માહિતીના વિશ્લેષણને આધારે તારવ્યા છે. જેના આધારે આદિવાસી વિસ્તારોમાં પ્રવાસન વિકાસ માટે નીતિ સૂચવાઈ છે.

૩. આ અભ્યાસ આદિવાસી વિસ્તારોમાં પ્રવાસન વિકાસની તપાસ કરતો સંશોધનાત્મક [Explorative study] એકમલક્ષી અભ્યાસ છે.

---


[11] સોલંકી શક્તિસિંહ(૨૦૧૯): "E-Commerce and Tourism Development in Tribal Area A Theoretical Study"  (unpublished), Paper presented UGC-CPE Sponsored One-Day National Seminar  30th August,  2019,  kadi.

**૧૦. આંતરિક પ્રવાસનના હેતુઓ**

પ્રવાસન વિકાસ માટે પ્રવાસન કયા હેતુથી થાય છે તેની જાણકારી મહત્વની છે. હેતુઓને આધારે આંતરમાળખાના સ્વરૂપ, પ્રવાસન પ્રોડક્ટ વગેરે સંદર્ભે એકમલક્ષી અને સમગ્રલક્ષી કક્ષાએ નીતિ ઘડવામાં અને નિર્ણય લેવામાં મદદ મળે છે. આ સંદર્ભે નીચેના આલેખ નં. ૧.૧, ૧.૨ અને ૧.૩ ને જોતા જણાય છે કે..


**આલેખ નં. ૧.૧**

**ગુજરાત**





**આલેખ નં. ૧.૨**

**ભારત**




**આલેખ નં. ૧.૩**

**વિશ્વ**





*Source (Graph 1.1., 1.2, 1.3) : 1. Tourism Satelite Account Gujarat, NCAER, 2014.*
*2. India Tourism Statistics, G.O.I., Ministry of Tourism, 2010.*
*3. UNWTO, Tourism Highlight, 2015.*

- ગુજરાતમાં થતા પ્રવાસનમાં સામાજિક હેતુસર થતા પ્રવાસનનો હિસ્સો ૬૯.૭% છે. જે સૌથી વધુ છે. આ પ્રમાણ ભારતના ૭૬.૬%ની સાપેક્ષ ઓછું અને વિશ્વના ૨૭%ની સાપેક્ષ વધુ છે. અહીં ગુજરાત અને ભારતમાં સામાજિક હેતુસર થતા પ્રવાસનના પ્રભુત્વ પાછળ ભારતીય સમાજની સામાજિક અને સાંસ્કૃતિક પરંપરાઓ રહેલી છે.
- અહીં પ્રવાસનના હેતુઓ દર્શાવતા આલેખોના આધારે નીચે મુજબ તારણો તારવી શકાય.
- રાજ્યના કુલ પ્રવાસનમાં ધાર્મિક હેતુસર થતા પ્રવાસનનો હિસ્સો ૧૬% છે. આ પ્રમાણ ભારતમાં ૮.૪% છે. જ્યારે વિશ્વમાં નગણ્ય છે.
- રાજ્યના કુલ પ્રવાસનમાં આરોગ્યલક્ષી પ્રવાસનનો હિસ્સો ૪.૫% છે. જેનું કારણ ગુજરાતમાં વધી રહેલી આરોગ્યલક્ષી સેવાઓ છે. આ પ્રમાણ ભારતમાં ૬.૩% છે.
- ગુજરાતના કુલ પ્રવાસનમાં ધંધાકીય પ્રવાસનનો હિસ્સો ૫% છે. આ પ્રમાણ ભારતમાં ૨.૨% અને વિશ્વકક્ષાએ ૧૪% છે. જે ભારત અને રાજ્યનો આર્થિક વિકાસ વિશ્વની સાપેક્ષ ઓછો-અલ્પ છે તેવું દર્શાવે છે.
- ગુજરાતના કુલ પ્રવાસનમાં આનંદપ્રમોદ પાછળના પ્રવાસનનો હિસ્સો ૨% છે. આ પ્રમાણ ભારતમાં ૨.૪% અને વિશ્વમાં ૫૩% છે. જે એમ દર્શાવે છે કે વિશ્વની સાપેક્ષ દેશ અને રાજ્યમાં ગરીબી અને મર્યાદિત આવકને લીધે આનંદ-પ્રમોદના પ્રવાસન પાછળ અત્યંત ઓછો ખર્ચ થાય છે. વળી, પશ્ચિમની સાપેક્ષ ભારતીય સમાજનો વ્યક્તિગત બચત પ્રત્યેનો હકારાત્મક અભિગમ તથા આનંદ-પ્રમોદ સંબંધિત સુવિધાઓનો અભાવ પણ કંઈક અંશે આનંદ-પ્રમોદના પ્રવાસન પાછળના ઓછા ખર્ચ માટે જવાબદાર ગણી શકાય.


### ૧૧.બાહય પ્રવાસનના હેતુઓ

બાહય પ્રવાસનના હેતુઓના આધારે રાજ્ય અને દેશમાં કયા પ્રકારની પ્રવાસન પ્રોડક્ટ અને પ્રવાસી સેવાઓ વિકસાવવાની જરૂર છે તેનો તેમજ રાજ્યના અન્ય રાજ્યો તેમજ વિદેશના અને દેશના વિદેશો સાથેના સામાજિક-આર્થિક સંબંધોનો નિર્દેશ મળે છે. આ સંદર્ભમાં આલેખ નં. ૧.૪ અને ૨.૫ને જોતા જણાય છે કે...

**આલેખ નં. ૧.૪**
**ગુજરાત**




**આલેખ નં. ૧.૫**
**ભારત**




Source (Graph 1.4., 1.5) : 1. Tourism Satelite Account Gujarat, NCAER, 2014.
2. India Tourism Statistics, G.O.I., Ministry of Tourism, 2010.
3. UNWTO, Tourism Highlight, 2015.

- ગુજરાત અને ભારતના બાહય પ્રવાસનમાં ધંધાકીય હેતુસર થતું પ્રવાસન પ્રભુત્વ ધરાવે છે. જે અનુક્રમે ૩૮.૨% અને ૩૨.૩% છે. જે રાજ્યના અન્ય રાજ્યો અને વિદેશો સાથેના તથા દેશના વિદેશો સાથેના આર્થિક સંબંધોનો નિર્દેશ કરે છે.
- રાજ્યમાં બાહય પ્રવાસનના હેતુઓ સંદર્ભે સામાજિક હેતુસર થતું પ્રવાસન ૨૫.૪% સાથે દ્વિતીય સ્થાને છે જ્યારે દેશમાં ૨૧.૮% સાથે તે તૃતીય સ્થાને છે. અહીં આ બાબત ગુજરાત એ અન્ય રાજ્યો અને વિદેશો સાથે મોટા પાયે સામાજિક અને સાંસ્કૃતિક સંબંધોથી જોડાયેલું છે તેનો નિર્દેશ કરે છે.
- રાજ્યના બાહય પ્રવાસનમાં આનંદ-પ્રમોદ માટે થતા પ્રવાસનનો હિસ્સો ૨૧.૨% છે જ્યારે આ પ્રમાણ દેશના સંદર્ભમાં ૨૯.૧% છે. આ બાબત રાજ્ય અને દેશની કક્ષાએ આનંદ-પ્રમોદને ધ્યાનમાં રાખી પ્રવાસન પ્રોડક્ટ (ઉત્પાદનો) વિકસાવવાની જરૂર છે તે બાબતનો નિર્દેશ કરે છે.
- રાજ્ય અને દેશમાં શિક્ષણના હેતુસર થતા બાહય પ્રવાસનનો હિસ્સો અનુક્રમે ૭.૮% અને ૭.૯% છે. જે રાજ્ય અને દેશની કક્ષાએ શિક્ષણની સેવાઓ અપૂરતી હોવાનો નિર્દેશ કરે છે.
- ધાર્મિક અને આરોગ્યના હેતુસર થતા બાહય પ્રવાસનનો હિસ્સો સરેરાશ ૧.૫% થી પણ ઓછો છે.



**ગુજરાતના આદિવાસી વિસ્તારમાં આવેલા પ્રવાસન સ્થળો**

| જિલ્લો | તાલુકા,વિસ્તાર | પ્રવાસન સ્થળો |
|---|---|---|
| બનાસકાંઠા | દાંતા, અમીરગઢ | જેશોદ અભ્યારણ, માણેકનાથ, આરાસુરી ટેકરી,અંબાજી જેવા ધાર્મિક સ્થળો ,પ્રાચીન મંદિરો, જંગલો, પ્રાકૃતિ સૌંદર્ય ધરાવતા સ્થળો, આદિવાસી સાંસ્કૃતિ, ગ્રામીણ, ખેતી,વગેરે પ્રવાસનો |
| સાબરકાંઠા | પોશીના, ખેડબ્રહ્મા, વિજયનગર | પોળોના જંગલ, પ્રાચીન મંદિરો પ્રાકૃતિ સૌંદર્ય ધરાવતા સ્થળો, આદિવાસી સાંસ્કૃતિ, ગ્રામીણ, ખેતી, વગેરે પ્રવાસનો |
| અરવલ્લી | ભિલોડા, મેઘરજ | શામળાજી આવેલા ધાર્મિક સ્થળો પ્રાકૃતિ સૌંદર્ય ધરાવતા સ્થળો, આદિવાસી સાંસ્કૃતિ, પ્રવાસનો |
| પંચમહાલ | જાંબુઘોડા, | માનવ ધામ, પીઠોરા ચિત્ર, રીંછઅભ્યારણ, પાવાગઢ, જંગલ, પ્રાચીન મંદિરો પ્રાકૃતિ સૌંદર્ય ધરાવતા સ્થળો, આદિવાસી સાંસ્કૃતિ, ગ્રામીણ, ખેતી, વગેરે પ્રવાસનો |
| છોટાઉદેપુર | છોટાઉદેપુર, જેતપુર | ધામ પૂરીવન, કેવડીવન, આદિવાસી કેન્દ્ર, જળાશયો જંગલો જૈવ-વિવિધતાની સમુદ્ર છે . |
| દાહોદ | કંજેટા, ફતેપુરા, દેવગઢ બારિયા, ઝાલોદ | રતનમહાલ રીંછ અભયારણ્ય આદિવાસીઓ અન્ય લોકો માટે આકર્ષણનું કેન્દ્રો |
| નર્મદા | ડેડિયાપડા,માલસામોટ રાજપીપળા,સરદારસરોવર વિસલખાડી, ઝરવણી | રીંછ અભયારણ્ય, નિનઈ ધોધ ઉંચાપહોડો આબોહવા ઠંડી, હવા ખાવાના સ્થળ તરીકે પણ પ્રચલિત કૃષિ મેદાનો, નદીની ખીણો, ડુંગરો અને જંગલો ઘેરાયેલું છે . |
| વલસાડ | ધરમપુર તાલુકો | વિલ્સન હિલ સ્ટેરાગ ,શંકર ધોધ ,અન્ય ધોધ ,રમણીય સ્થળ |
| નવસારી | વાંસદા | આદિવાસી દેવ સ્થાનો રામાયણની દંતકથા સાથે જોડાયેલા દેવકી–ઉગાઈ માતા |
| સુરત | ઉમરપાડા | આદિવાસી લોકોનું દેવસ્થાન, નદી ,ધોધ ,ગાઢ જંગલો, પ્રાકૃતિક સૌંદર્ય |

ગુજરાતમાં આવેલા આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લા, તાલુકા, ગામો કે વિસ્તારો માં આવેલા સ્થળો જેમાં વિકાસ અપૂરતો છે. તેવા સ્થળો શોધવામાં પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## ૧૨. તારણો

૧. દેશ અને રાજ્યની અનુક્રમે ૮.૬% અને ૧૪.૮% વસ્તી એ આદિવાસી સમૂહની છે. જે મહદંશે જંગલો, ટેકરીઓ, પહાડો, ખીણોમાં તથા નદી કિનારે રહે છે. અહીં આદિવાસી વસ્તી અને વિસ્તારનો વિકાસ થાય એ માટે કેન્દ્ર, જુદા જુદા રાજ્યો અને ગુજરાત કક્ષાએ જે-તે પ્રદેશની સંસ્કૃતિ, સમાજ વ્યવસ્થા, ભૌગોલિક પરિવેશ અને વિશેષતાને ધ્યાનમાં લઈ પ્રવાસનનીતિના એક વિભાગ તરીકે ટ્રાયબલ ટુરિઝમ નીતિ ઘડી કાઢી તે માટે જરૂરી ભંડોળ ફાળવી તેનું અમલીકરણ કરવું જરૂરી છે.

૨. પ્રવાસન વિકાસ અંતર્ગત ગુજરાત કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને આદિવાસી વિસ્તારોમાં સ્થાનિક લોકોને વધુને વધુ સાંકળવા જોઈએ. જેથી સ્થાનિક કક્ષાએ રોજગારી સર્જાય તથા વિસ્તારની જરૂરિયાતોને અનુરૂપ પ્રવાસન વિકાસ થાય.

૩. દેશનો આંતરરાષ્ટ્રિય કક્ષાએ પ્રવાસનમાં ફાળો વધારવા પ્રવાસન પ્રોડક્ટમાં વૈવિધ્ય, આંતરમાળખાકીય સગવડો અને તેની જાળવણી તથા સલામતીની ખાતરી આપવા સાથે દેશના વૈવિધ્યસભર વારસા અને સ્થાપત્યોનો પ્રચાર-પ્રસાર વધારવાની જરૂર છે. આ માટે આંતરરાષ્ટ્રિય, રાષ્ટ્રિય તેમજ પ્રાદેશિક કક્ષાએ સેમિનારો તેમજ પ્રવાસન પ્રોડક્ટોનું પ્રદર્શન જેવા કાર્યક્રમ સતત કરવા જોઈએ.

૪. ગુજરાતે ભારત કક્ષાએ પ્રવાસન ઉદ્યોગમાં પોતાનો ફાળો વધારવા- અગ્રેસર થવા તેની જૈવ વિવિધતા, વિવિધતાસભર ભૂગોળ, સ્થાપત્યો, સંસ્કૃતિ વગેરેનો પ્રચાર-પ્રસાર હજુ પણ વધારવાની આવશ્યકતા છે. વળી, નવા પ્રવાસન સ્થળો વિકસાવવાની જરૂર છે તેમજ જૂનાની સાચવણી પણ જરૂરી બને છે.

૫. દેશ અને રાજ્યની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતા, જૈવ વિવિધતા તથા અનુપમ પ્રાચીન સ્થાપત્યો ને જોતા કેન્દ્ર અને રાજ્ય કક્ષાએ પ્રવાસન વિકાસ માટેનું ભંડોળ મોટા પાયે વધારવાની જરૂરિયાત છે. આ સંદર્ભે ખાનગી મૂડીરોકાણકારો તથા સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ પણ લેવો જોઈએ.

૬. ગુજરાતના દરેક જિલ્લામાં પ્રવાસન વિભાગ દ્વારા માન્યતા પ્રાપ્ત ઓછામાં ઓછી એક હોટલ હોય તેવું આયોજન કરવાની જરૂર છે. આ સંદર્ભે પ્રવાસન વિભાગ પોતે પહેલ કરે અથવા તો ખાનગી મૂડીરોકાણકારને પ્રોત્સાહન આપી શકે.

૭. પ્રવાસન સ્થળનો વિકાસ થાય તથા ત્યાં પ્રવાસીઓ આવતા રહે એ માટે સ્થળ વિશેષની વસ્તુઓ મળી રહે એ જરૂરી છે. આ સંદર્ભે આદિજાતિ વિસ્તારમાં વિકસી રહેલા સ્થળોએ સ્થાનિક જંગલ પેદાશો, વનફળો; વન ઔષધીઓ જેવી કે મધ, મુસળી વગેરે; સ્થાનિક ભોજન, સ્થાનિક કલા કારીગીરીની વસ્તુઓ જેવી કે માટીના ઘોડા, વાંસમાંથી બનેલી વસ્તુઓ વગેરેના ઉત્પાદન અને વેચાણમાં પ્રવાસન વિભાગ અને સ્થાનિક વહીવટતંત્રે સહયોગ કરવો જોઈએ. આ માટે આ વિસ્તારના મહàJના સ્થળોએ સ્થાનિક વેચાણ કેન્દ્રો શરૂ કરવા જોઈએ. આ સંદર્ભે સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ પણ લઈ શકાય.

૮. અભ્યાસક્ષેત્રમાં નિર્દેશસૂચક બોર્ડ, તાલીમબદ્ધ માનવસંસાધન, સાધનો વગેરે સંદર્ભિત આપત્તિ વ્યવસ્થાપનની જોગવાઈ આંશિક છે કે પછી છે જ નહિ. આ સંદર્ભે દરેક સ્થળોએ આપત્તિ વ્યવસ્થાપનની યોગ્ય જોગવાઈ થાય તે ખૂબ જરૂરી છે.

૯. અભ્યાસક્ષેત્રમાં સ્વચ્છતા અને આંતરમાળખાકીય સગવડો જેવી કે સલામત પાણીપુરવઠો, ગટરવ્યવસ્થા, પાર્કિંગ, માર્ગદર્શક(ગાઈડ), બેંકિંગ, રસ્તાઓ વગેરે સેવાઓ મહદંશે આંશિક છે. આ સંદર્ભે નિયમીત સ્વચ્છતા જળવાય તથા પાયાની આંતરમાળખાકીય સેવા પૂર્ણ સ્વરૂપે મળી રહે તે માટે આયોજન કરવાની જરૂર છે. જે પ્રવાસન વિભાગ થકી, સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા અથવા PPT મોડેલથી કરી શકાય.

૧૦.૧૨.આવનાર પ્રવાસીઓને જે-તે સ્થળ પ્રદેશની આધારભૂત માહિતી મળી શકે એ માટે આ વિસ્તારની ભૌગોલિક અને ઐતિહાસિક હકીકતો, સામાજિક પરંપરાઓ, સંસ્કૃતિ અને કૃષિ તથા વન્યજીવનના જાણકાર વ્યક્તિઓને માર્ગદર્શક તરીકે તૈયાર કરવા જોઈએ અથવા આવી વ્યક્તિઓના માર્ગદર્શન નીચે માર્ગદર્શકો તૈયાર કરવા જોઈએ. તેમને ગુજરાતી સાથે હિંદી-અંગ્રેજીના ભાષાકીય જ્ઞાનની તાલીમ પણ આપવી જોઈએ.

૧૧.અભ્યાસક્ષેત્રમાં પ્રવાસન વિકાસ માટે આ વિસ્તારના જાણીતા સ્થળો, કુદરતી સંપત્તિ–સૌંદર્ય, પુરાતત્વિય સ્થાપત્યો, કલા-કૃતિ અને શિલ્પ; ગ્રામ્ય, વન્ય અને કૃષિજીવન; સંસ્કૃતિ અને સામાજિક પરંપરાઓ વગેરેને આવરતી બે-ત્રણ ડોક્યુમેન્ટરિ ફિલ્મો બનાવી તેનો પ્રચાર દેશ-વિદેશ અને પ્રાદેશિક કક્ષાએ કરવો જરૂરી છે. આ માટે ગુજરાત પ્રવાસન નિગમ અથવા સ્થાનિક તંત્ર અગત્યની ભૂમિકા ભજવી શકે. વળી, ગુજરાત સરકારના બ્રાન્ડ એમ્બેસેડરનો ઉપયોગ કરી જાહેરાત પણ બનાવી શકાય.

૧૨.આદિવાસી વિસ્તારોમાં જે-તે સ્થળે પ્રવાસન પ્રવૃત્તિ વિકસે, પ્રવાસીઓ આકર્ષાય એ માટે ગ્રામ્ય - વનવાસી કલા અને સંસ્કૃતિનું નિરૂપણ થાય એ ખૂબ જ જરૂરી છે. આ માટે સ્થાનિક કલાકારોને જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવું જોઈએ. આનાથી ગ્રામ્ય–વનવાસી કલા–સંસ્કૃતિને જાળવવામાં મદદ પણ મળશે તથા રોજગારીનું સર્જન થશે.

૧૩.આ વિસ્તારની સંસ્કૃતિ, સમાજરચના અને કલાકૃતિઓને દર્શાવવા તેમજ શિલ્પ-સ્થાપત્યને જાળવવા આદિવાસી મ્યૂઝિયમ બનાવવાની આવશ્યકતા છે. જે આ વિસ્તારના સાંસ્કૃતિક અને કલાના વારસાને જાળવવા સાથે પ્રવાસીઓને પણ આકર્ષશે. આવું મ્યૂઝિયમ ખેડબ્રહ્મા કે અંબાજીમાં થઈ શકે. વળી, વહીવટીતંત્ર ઈચ્છે તો બનાસકાંઠા અને સાબરકાંઠાના બે અલગ-અલગ ટ્રાઈબલ મ્યૂઝિયમ પણ થઈ શકે.

૧૪.આ વિસ્તારના પ્રાકૃતિક સૌંદર્ય અને જૈવ વિવિધતાને જાળવવા તથા પ્રદૂષણ અટકાવવા જંગલોમાં વૃક્ષ છેદન કે શિકાર જેવી ગેરકાયેદસર પ્રવૃત્તિઓ થાય નહિ તથા ખનીજસંપત્તિનું અમર્યાદિત માત્રામાં દોહન ન થાય તે માટે યોગ્ય પગલા લેવાની જરૂર છે.

૧૫.અભ્યાસક્ષેત્રમાં પુરાતત્વિય પ્રવાસન, ધાર્મિક પ્રવાસન અને પર્યાવરણીય પ્રવાસનના સંદર્ભમાં જે તે સ્થળે પ્રાથમિક સુવિધા અને આંતરમાળખાનો વિકાસ કરવો.

## સંદર્ભ સૂચિ


1. Dave, Amruta & Kirti: Tourism insights, Amadavad Management Thakor (2015)Association, Amadavad.
2. Greetanjali (2010). Tourism and eco-travel, Centrum Press,New Delhi.
3. Gupta. G.P. (2009). Studies in Tribal development, Arihant Publishing house, Jaipur.
4. Krishnaswami, O.R. Methodology Research in Social Sciences, & Others (2008). Himalaya Publishing House, Mumbai.
5. Page, Stephen J. (2014). Tourism Management an introduction. (4th edi.), Routledge, New York.
6. Pattanaik, Arvind (2013). Forest Management in Tribal Area, signature Books International, Delhi.
7. Roday, Sunetra Tourism Operation and Management, and others (2011). Oxford Univ. Press, New Delhi.
8. Shinde, Vasana and others: The heritage sites of Gujarat Gazetteer, (2011). Aryan Books International, New Delhi.
9. Verma, Ravindra (2010). Dynamics of Tourism, Centrum Press, New Delhi.
10. त्रिपाठी मधुसुदन (२००८).भारत के आदिवासी, ओमेगा पब्लिकेशन, दिल्ही.
11. જાદવ, જોરાવરસિંહ (૨૦૧૦).ગુજરાતની લોક સાંસ્કૃતિક વિરાસત, માહિતી કમિશ્નર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
12. જોષી, કંદર્પ એન. (૨૦૧૩).અરવલ્લીની ઐતિહાસિક નગરીઓનો સમૃદ્ધ વારસો ધરાવતો આપણો જિલ્લો, પ્રકાશક :પી.સી.જોષી, કાણિયોલ(હિંમતનગર).
13. જોષી, કીર્તિકુમાર ઉમિયાશંકર :ચિત્ર – વિચિત્ર મેળાનો પ્રાચીન ઈતિહાસ અને (૨૦૦૭)જૈન મંદિરો- મોટા પોશીના, વૈષ્ણવદેવી ટ્રસ્ટ, ખેડબ્રહ્મા.
14. ઠાકર, કીર્તિ (૨૦૧૫).ગ્રામીણ – આદિવાસી પ્રવાસન અને આતિથ્ય તાલીમ કાર્યક્રમ, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.
15. ઠાકોર, ડાયલ (૨૦૧૫).દશાવતરી શ્રી ગઢડા શામળાજી મંદિર, ગઢડા શામળાજી મંદિર ટ્રસ્ટ, ગઢડા શામળાજી.
16. દવે, મંજુલાબેન બી. (૨૦૧૪).ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
17. દેસાઈ, લલ્લુભાઈ (૧૯૯૨).અવનીલોક, માનવકલ્યાણ ટ્રસ્ટ, ખેડબ્રહ્મા.
18. પટેલ ગિરધરલાલ ઠા.(૨૦૧૨).ગરાસિયા આદિજાતિનો સામાજિક અને સાંસ્કૃતિક અભ્યાસ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
19. પટેલ, અરવિંદ (૨૦૧૨).ગુજરાત – આદિજાતિ વિશેષાંક, ગુજરાત સરકાર. અંક – ૧૧, ગાંધીનગર.
20. પટેલ, પ્રભુદાસ (૨૦૧૪).ડુંગરી ગરાસિયાઓ, સામાજિક-સાંસ્કૃતિક લોકજીવન અને લોકવાઙ્મય, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.
21. પટેલ, પ્રભુદાસ આર (૨૦૦૯).અરવલ્લીની લોકસંપદા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.
22. પટેલ, ભગવાનદાસ (૧૯૯૨).ખેડબ્રહ્મા તાલુકાની પ્રાગઐતિહાસિકસંસ્કૃતિઓ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
23. પટેલ, ભગવાનદાસ (૧૯૯૯). આદિવાસી ઓળખ, માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
24. પટેલ, ભગવાનદાસ (૧૯૯૯).ડુંગરી ભીલ આદિવાસીઓ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.
25. બ્રહ્મભટ્ટ, અશ્વિન અને વાસુદેવ રાવલ (૨૦૦૯).ગુજરાતના આદિવાસીઓ (આંકડાકીય પૃથકરણ), પ્રા. ડૉ. અશ્વિન બ્રહ્મભટ્ટ, ખેડબ્રહ્મા.
26. ભટ્ટ,જગદીશ વ્રજલાલ(૨૦૧૪).બ્રહ્માની નગરી, ખેડબ્રહ્મા, પ્રકાશક : અરૂણા ભટ્ટ, ખેડબ્રહ્મા.
27. શેઠ આણંદજી કલ્યાણજી પેઢી:પ્રાચીન તીર્થ શ્રી કુંભારીયાજી, શેઠ આણંદજી (૨૦૧૫)કલ્યાણજી પેઢી, અમદાવાદ.

**અહેવાલ (Report)**

28. Government of Bihar (2009). Bihar Tourism Policy, Tourism department, Government of Bihar, Patana.
29. Government Of China (2013). China Tourism Policy, Tourism department,Government of China, Beijing.
30. Government of Gujarat (2013). Domestic Tourism in Gujarat NSS 65th Round, Directorate of conomics and Statistics, G.O.G., Gandhinagar.
31. Government of Gujarat (2014). State, District and Taluka wise Scheduled Castes and Scheduled Tribes Statistics in Gujarat: 2001 and 2011, Directorate of Economics and Statistics, G.O.G., Gandhinagar.
32. Government of Gujarat (2014). Statistical outline Gujarat State, Directorate of Economics and Statistics, G.O.G., Gandhinagar.
33. Government Of India (2002). National Tourism Policy, Tourism department, G.O.I., New Delhi.
34. Government of India (2012). Identification of Tourism Circuits across India, Interim Report, Gujarat, ministry of Tourism, G.O.I., Delhi.
35. Government of India (2012). India tourism statistics – 2013, Market and Research division, Ministry of Tourism, Delhi.
36. Government of India (2012). Second Tourism Satelite account for India:2009-10, NCAER, New Delhi.
37. Government of India (2013). India Tourism Statistics, Market and Research division, ministry of Tourism, Delhi.
38. Government of India (2014). five-year plan document, planning Commission of India, New Delhi.
39. Government of India (2014). India Tourism Statistics at a glance, Market and research division, ministry of Tourism, Delhi.
40. Government of India (2014). Regional Tourism Satelite account-Gujarat,NCAER, New Delhi.
41. Government of Orissa (2013). Orissa Tourism Policy, Tourism department, Government of Orissa, Bhubaneswar.
42. Government of U.K. (2011). U.K. Tourism Policy, Tourism department, Government of U.K., London.
43. Government of U.S.A. (2014). U.S.A. Tourism Policy, Tourism department, Government of U.S.A., Washington.